## આવતીકાલનો ઉજાસ



**જિજ્ઞાસા જે વાઘેલા**
**ધોરણ-૧૨**
**બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય**

અભ્યાસમાં તેજસ્વી અને સ્વભાવે સરળ એવી જિજ્ઞાસા વક્તૃત્વમાં કુશળ છે. સંસ્કૃત ભારતી દ્વારા આયોજિત સંસ્કૃત વાર્તાકથન સ્પર્ધામાં તૃતિય, ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ, દત્ત મંદિર દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ અને તપોવન સંસ્કાર પીઠ દ્વારા આયોજિત વક્તૃત્વ સ્પર્ધામાં પણ તેણે પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

# પર્યાવરણનું જતન કરતી પધ્ધતિને ઉત્તેજન આપવા માટે જીઈસી અભ્યાસ હાથ ધરશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં પ્રચલિત હોય એવી પર્યાવરણનું જતન કરતી પધ્ધતિને ઉત્તેજન આપવાના પોતાના પ્રયત્નોમાં આગળ વધતાં ગુજરાત ઈકોલોજી કમિશને (જીઈસી) વર્લ્ડ એરાઉન્ડ યુ (વે) સંસ્થાના સહયોગમાં એક નવી પહેલ 'સ્ટડી ટુ આઈડેન્ટીફાય ગુડ એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી પ્રેક્ટિસીસ ઈન ગુજરાત'નો પ્રારંભ કર્યો હતો.

જીઈસીના સભ્ય સચિવ, આઈએફએસ, એ.કે. વર્માએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં કોઈ પણ વ્યક્તિ, એનજીઓ, સરકારી માલિકીની કંપની, ખાનગી કંપની, સહકારી સંસ્થા કે સરકારી વિભાગ દ્વારા કોઈ એવી પધ્ધતિ અપનાવવામાં આવી હોય કે જેના કારણે પર્યાવરણ પર રચનાત્મક અસર થતી હોય તો એવી પધ્ધતિને પસંદ કરવામાં આવશે. આ પધ્ધતિને પસંદ કરવા માટે કામગીરીના જે પ્રકાર પર મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે તેમાં નેચર તથા બાયો-ડાઈવર્સિટી કન્ઝર્વેશન, એન્વાયર્નમેન્ટ ક્વોલિટી મેનેજમેન્ટ, એનર્જી કન્ઝર્વેશન, રિન્યુએબલ એનર્જી, કૃષિ તથા તેને સંલગ્ન પ્રવૃત્તિ, વેસ્ટ મેનેજમેન્ટ તથા અન્ય સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. જીઈસી આ અભ્યાસને હાથ ધરશે અને તેને સ્પોન્સર પણ કરશે, જ્યારે હવે આ અભ્યાસ માટે પ્રોસેસ એડવાઈઝર તરીકેની કામગીરી સંભાળશે. આ અભ્યાસ અંતર્ગત પર્યાવરણનું જતન કરતી હોય એવી પધ્ધતિને સમાવિષ્ટ કરવા માટે પોતાની એન્ટ્રી મોકલવા માટેની છેલ્લી તારીખ ૧૫મી જૂન છે. આ અભ્યાસની પ્રક્રિયા વિધીવત રીતે શરૂ કરવા માટે જીઈસી દ્વારા એક કર્ટેઈન રેઈઝર ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એનજીઓના પ્રતિનિધિઓ તથા પર્યાવરણ ક્ષેત્રના નિષ્ણાતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

વર્માએ વધુમાં જણાવ્યું હતું કે 'રચનાત્મક પરિવર્તન લાવવા માટેનો પ્રત્યેક પ્રયત્ન અમૂલ્ય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જીઈસીએ પર્યાવરણના જતન માટે નોંધપાત્ર યોગદાન આપનારા પ્રત્યેક પ્રયત્નને ઉત્તેજન આપવાના આશયથી આ પહેલ આદરી છે. આ અભ્યાસ દ્વારા જીઈસી ગુજરાતમાં પર્યાવરણ પ્રત્યે જનતામાં જે જાગૃતિ છે અને તેના દ્વારા જે નવીન પહેલ કરવામાં આવી રહી છે તેને પ્રદર્શિત કરવા માટે પર્યાવરણનું જતન કરતી હોય એવી ટોચની ૨૫ પ્રચલિત પધ્ધતિઓને પસંદ કરી તેને પુરસ્કાર પણ અપાશે. આના કારણે અન્ય લોકો તથા સંસ્થાઓને પણ સાથે મળીને આવી પધ્ધતિઓ અપનાવવા માટેની પ્રેરણા પણ મળશે.'

## માનવીય મૂલ્યોનું જતન કરતું સર્જન કરીએ : દોલત ભટ્ટ

ગાંધીનગર, તા.૧૫

એવું સાહિત્ય સર્જન કરીએ જેનો પ્રભાવ સમાજ અને શાસન પર પડે. વર્તમાન સમાજમાં વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે. ભૃણ હત્યા અને બાળકીઓ પર થતાં અત્યાચારના કંપવનારા કિસ્સા બની રહ્યા છે. ત્યારે સર્જકે પ્રેમલા પ્રેમલીની કથા અને કાવ્યોમાંથી બહાર આવી માનવીય મૂલ્યો પુનઃ સ્થાપિત થાય તેવું પ્રેરણાત્મક સર્જનમાં કલમ ચલાવવા નિર્ધાર વ્યક્ત કરીએ. ઉપરોક્ત મંતવ્ય ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખશ્રી દોલત ભટ્ટે સાહિત્ય સભાની સભામાં સાહિત્ય ગોષ્ઠી કરતાં કરી હતી. તે અંગે પરિસંવાદ યોજવાનો પણ વિચાર વ્યક્ત કર્યો હતો.

## શનિવારે બેચરાજી ખાતે તેજત્રિપુરા પૂર્વાર્ધ મહોત્સવ યોજવામાં આવશે

મહેસાણા, તા.૧૫

શક્તિધામ બહુચરાજી ખાતે તેજત્રિપુરા પૂર્વાર્ધ મહોત્સવ તા. ૧૯-૫-૨૦૧૨ને શનિવારના રોજ યોજવામાં આવનાર છે.

આ મહોત્સવના અધ્યક્ષસ્થાને શહેરીવિકાસ મંત્રી શ્રી નીતીનભાઈ પટેલ, ઉદઘાટક તરીકે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ સહિત આ વિસ્તારના ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી અતિથિવિશેષપદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે બહુચરાજી ખાતે વિવિધાસભર લોકનૃત્યો યોજાશે, સચિવશ્રી, નાટક અકાદમી દ્વારા જાહેર જનતાને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જીટીયુ સંલગ્ન કોલેજોના નવા શૈક્ષણિક સત્રના આયોજન માટે મીટિંગ

### વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા થશે અને તેના અમલ કરવા માટે ઠરાવ થશે

અમદાવાદ, તા.૧૫

નવા શૈક્ષણિક સત્રથી જીટીયુ સંલગ્ન વિવિધ કોલેજોમાં વિદ્યાર્થીઓને ટીચીંગ, પરીક્ષા અને પ્લેસમેન્ટમાં તકલીફ ન પડેતે માટે વિવિધ અભ્યાસક્રમના એસોસીએશનના પ્રમુખ અને સેક્રેટરીની ૧૮મી મેના રોજ બપોર બે વાગે જીટીયુ ખાતે બેઠક યોજાશે. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ)ના કુલપતિની અધ્યતામાં ૧૮મી મેનારોજ યોજાનાર બેઠકમાં વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. અને તેના અમલ કરવા માટે ઠરાવ થશે.

નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીઓને ટીચીંગ પર ખાસ ધ્યાન આપવા આયોજન કરવુ, પરીક્ષા બાબતે તકલીફ ન પડે તે માટે કોલેજોએ તેના પર અંગત રીતે ધ્યાન આપવું, વિદ્યાર્થીઓના છેલ્લા વર્ષના પ્રોજેક્ટ પર ધ્યાન આપવું અને સારા પ્રોજેક્ટને ઈન્ડસ્ટ્રીઝમાં પ્લેસમેન્ટ પૂરી પાડવા કોલેજોએ આયોજન કરવુ આને કારણે રોજગારીની તક ઉભી થાય તેવા પણ પ્રવાસ કરવા. ફાઈનલ યરના વિદ્યાર્થીઓની ઈન્ટર્નલ પરીક્ષાનું આયોજન ચોકસાઈથી કરવા સહિતના મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. આ ઉપરાંત એઆઈસીટીઈના ધારાધોરણ મુજબ અમૂક કોલેજોને પ્રિન્સીપાલ અને ડાયરેક્ટર મળતા નથી તો બાબતે વિવિધ એસોસીએશનના બિચારો મેળવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ડાયરેક્ટર એજ્યુકેશન ટેકનીકલ વિભાગે ડાયરેક્ટર પ્રયોગ કર્યો હતો.

## ઉચ્ચ પ્રાથમિક શાળામાં બીઆરએસને સામાજિક વિજ્ઞાનના વિષય તરીકે મળેલી સ્વીકૃતિ

ગાંધીનગર, તા.૧૫

શિક્ષણ સુધારણા કાર્યક્રમ હેઠળ ધોરણ ૬ થી ૮માં તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. પરંતુ તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના ઠરાવ મુજબ પ્રા. શાળામાં ફરજ બજાવતા તાલીમી સ્નાતક બી.એ., બી.એસ.સી., બી.કોમ. અર્થશાસ્ત્ર ઉપરાંત શિક્ષણ વિભાગના તા. ૧૪ માર્ચ ૨૦૧૧ અને તા. ૩ મે ૨૦૧૨ના ઠરાવની જોગવાઈ અનુસાર બી.આર.એસ. ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર સાથેના વિષયો સાથે બી.આર.એસ.ની લાયકાત ધરાવતા શિક્ષક ભાઈ બહેનો કે જેમણે ઉચ્ચ પ્રાથમિક શાળામાં ધોરણ ૬ થી ૮માં જવા માટે વિકલ્પ આપ્યો હોય તેમને સામાજિક વિજ્ઞાનના વિષય તરીકે સમાવવા ઠરાવમાં જોગવાઈ કરવામાં આવી છે. જેથી જે જિલ્લાઓમાં ઉચ્ચત્તરના કેમ્પો ચાલુ હોય અથવા બાકી હોય તેવા જિલ્લાઓમાં નોંધ લેવા જણાવાયું છે પરંતુ જે જિલ્લાઓમાં કેમ્પો પૂરા થઈ ગયા હોય ત્યાં બી.આર.એસ. શિક્ષકોને ફરીથી બોલાવી વિકલ્પ સ્વીકારવાનો રહેશે એમ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદુલાલ જોષી અને મહામંત્રી બળદેવભાઈ ચૌધરીએ જણાવ્યું છે.

## જાણીતા ફિલ્મ અભિનેતા અજય દેવગણની મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય મુલાકાત





ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે હિન્દી ફિલ્મના પ્રસિધ્ધ અભિનેતા અજય દેવગણે સૌજન્ય મૂલાકાત લીધી હતી અને ચારણકામાં સ્થપાઈ રહેલા સોલાર પાર્કમાં તેમની સૂર્યશકિત ર્જાની કંપનીને રાજ્ય સરકાર તરફથી મળી રહેલા સહયોગ અંગે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

શ્રી અજય દેવગણે સૂર્યર્જા સહિત ગુજરાત દેશના વિકાસના અગ્રીમ ક્ષેત્રોમાં ભારત માટે પથદર્શક બની રહ્યું છે તેનું શ્રેય મુખ્યમંત્રીશ્રીના ગતિશીલ નેતૃત્વને આપ્યું હતું અને ગુજરાતના વિકાસમાં હજુ પણ સહભાગી થવાની તત્પરતા વ્યકત કરી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ નર્મદા કેનાલ ઉપર સોલાર પેનલ દ્વારા સૂર્યર્જાથી વિજળી ઉત્પાદનના પાયલોટ પ્રોજેકટની સફળતાની રૂપરેખા આપી જણાવ્યું હતું કે નર્મદા કેનાલના વહેતા પાણીમાંથી પણ માઈક્રો હાઈડ્રો ટર્બાઈન દ્વારા પણ વિજળીનું ઉત્પાદન શકય બને એમ છે અને આ દિશામાં રાજ્ય સરકારે ઝડપથી સંશોધન હાથ ધર્યું છે. નર્મદા કેનાલ વિશ્વની સૌથી લાંબી સિંચાઈ નહેર છે અને તેના ઉપર સોલાર પેનલ અને પાણી માઈક્રો હાઈડ્રો ટર્બાઈન ટેકનોલોજીથી પાણી દ્વારા વિજળી ઉત્પન્ન થઈ શકે તેમ છે. આ મોડેલને પણ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી આગળ વધારવાની નેમ મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કરી હતી.

શ્રી અજય દેવગણે આ પ્રોજેકટમાં પણ સહભાગી થવાની અભિલાષા વ્યકત કરી હતી.

## માન્યતા ધરાવતી ફાર્મસીની કોલેજમાં પ્રવેશ લેવા સૂચન

### ફાર્મસીના કાઉન્સિલ દ્વારા મંજૂર કરવામા આવેલી બેઠકો કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે તો અમાન્ય ગણાશે

ગાંધીનગર, તા.૧૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરિણામ આવ્યા બાદ ફાર્મસી વિદ્યાશાખામાં ડિપ્લોમાં અથવા ડિગ્રીમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ખૂબજ સ્પર્ધા થાય છે. ફાર્મશી વિદ્યા શાખાના ડિપ્લોમાં અથવા ડિગ્રી અભ્યાસક્રમમાં ગુજરાત અથવા ગુજરાત બહાર કોઈપણ કોલેજમાં પ્રવેશ લેતાં પહેલાં, આવી ફાર્મસી કોલેજને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા આપેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવા વિનંતી છે. ફાર્મસી કાઉન્સિલે મંજૂર કરેલી બેઠકો કરતાં વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા માન્યતા આપવામાં ન આવેલ હોય તેવી કોલેજમાં અભ્યાસ કરનાર અથવા મંજૂર કરેલ બેઠકો કરતાં વધારે બેઠકની ઉપર પ્રવેશ મેળવનાર અથવા સંબંધિત કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પરીક્ષા જે ઓથોરીટી લેતી હોય તેને ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ માન્યતા નહીં આપેલ હોય તો ઉપરોક્ત સંજોગોમાં ડિપ્લોમાં અથવા ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ફાર્મસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન કાયદાનુસાર મળવાપાત્ર નથી. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાત અને રાજ્યની માન્ય કોલેજોની યાદી ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ www.pci.nic.in ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમજ વધુમાહિતી માટે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, બ્લોક નં. ઓ/૪, ન્યુમેન્ટલ હોસ્પિટલ કોમ્પલેક્ષ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## યુથ કેમ્પસ - ધ્વનિલ પારેખ

gsrelation@yahoo.com

## ત્યાં સુધી આવા કિસ્સા બનતા રહેશે



હમણાં ૧૨ વિજ્ઞાન પ્રવાહનું અને ગુજકેટનું પરિણામ આવ્યું. ફરિયાદ એવી ઊઠી છે કે દર વર્ષની સરખામણીમાં આ વર્ષે પરિણામ ઓછું આવ્યું છે. (જે પરિણામ આવ્યું છે એ ઓછું તો ન કહેવાય પણ વાલીઓની અપેક્ષા જ વધારે હોય છે. આ તો સારું છે કે પરિણામ ૧૦૦ ટકા પર અટકે છે. બાકી અપેક્ષાઓનો ક્યાં કોઈ પાર હોય છે !) એમાં પણ કૉમ્પ્યુટરના પરિમામમાં ઘણી બધી ગરબડો થઈ છે. અને એથી ઘણા વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પણ ખતરો ઊભો થવાની શક્યતા દેખાતી હતી. (આ પણ એક આશ્ચર્ય છે કે બૉર્ડનું પરિણામ હોય અને એમાં ગરબડ ન થાય એવું બને ખરું !) જે કેન્દ્રોના પરિણામમાં મોટા પાયે ગરબડો દેખાતી હતી ત્યાં ઉહાપોહ થયો અને આખરે બૉર્ડે એ વિદ્યાર્થીને સુધારેલી નવી માર્કશીટ આપી.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનું લક્ષ્ય મોટે ભાગે નક્કી જ હોય છે. નેવું પંચાણું ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થી મોટે ભાગે ડૉક્ટર બનવાનું પસંદ કરતો હોય છે અથવા તો ઈજનેરી વિદ્યાશાખામાં જવાનું પસંદ કરતો હોય છે. ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી ચીલાચાલુથી જુદું પસંદ કરતો હોય છે. એ જુદું પસંદ પણ શું કામ કરે ? એ ડૉક્ટર બને એની ટાંપીને રાહ જોનારા એના માતા-પિતા સહિત ઘણા બધા હોય છે. એને ડૉક્ટર બનવા માટે કંઈ કેટલાયે લોકોની અપેક્ષા પૂરી કરવાની હોય છે. ડૉક્ટરની ડિગ્રી એટલે અપેક્ષાઓનો મસમોટો કોથળો. પાંચ-સાત વર્ષ સુધી એ વિદ્યાર્થીએ કોથળાને ખભે ઊંચકીને ફર્યા કરવાનું હોય છે, ભલે પછી એ કોથળાના ભાર તળે એની અપેક્ષા દટાઈ જાય. આપણાં કુટુંબોમાં હવે આ રૂઢ થતું જાય છે. બાળકને એની આપેક્ષા પ્રમાણે નહીં પણ બીજાની અપેક્ષા પ્રમાણે ભણવાનું. બાળક એ અપેક્ષા પૂરી કરે એ માટે એના ઉપર દબાણ લાવવાનું. બાળક આખરે એ અપેક્ષા પૂર્ણ ન કરે તો હતાશ થાય અને પછી ન કરવાનું કરી બેસે ત્યારે કોથળો ભરીને પસ્તાવાનું ! એના કરતાં આ ભલા મા-બાપો પહેલેથી જ બાળકની રસ-રૂચિ પ્રમાણે કરતા હોય તો ! (આ બહુ મોટો છે જેને સમજાય તેને જ સમજાય, સમજ્યા કે નહીં ?)


હમણાં એક કિસ્સો ઍનસીઈઆરટીનાં પુસ્તકો સંદર્ભે બન્યો એ પણ ચિંતાનજક છે. ઍનસીઈઆરટીનાં પુસ્તકોમાં બાબાસાહેબ આંબેડકરનાં કાર્ટૂન ચિત્રોએ આખો વિવાદ ઊભો કર્યો. આ ચિત્રોનો પુસ્તકોમાં થયેલા સમાવેશથી અમુક વર્ગની લાગણી દુભાઈ અને એમણે એ ચિત્રો જ નહીં, પણ આખું પુસ્તક જ રદ કરવાની ઉગ્ર માગણી કરી. મંત્રી શ્રી કપિલ સિબ્બલે એ મંજૂર પણ રાખ્યું. આટલાથી વાત પૂરી ન થતા પ્રો. પાલ્સીકારની ઑફિસમાં તોડફોડ પણ કરવામાં આવી. હવે આશ્ચર્યની વાત એ છે કે ખુદ બાબાસાહેબને આ કાર્ટુનો સામે કોઈ વાંધો નહોતો.

આ આખા મુદ્દાને આ રીતે સમજવાનો આપણે પ્રયત્ન કરીએ. બાબાસાહેબને કાર્ટુનો સામે ભલે વાંધો ન હોય પણ એમના પ્રશંસકોને આ કાર્ટુનો અભ્યાસના પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યા એની સામે વાંધો છે. ચાલો વાંધો હોય એ સમજી શકાય. પોતાના રાહબરને આ રીતે કાર્ટુન સ્વરૂપે જોવાનું ન ગમે અને એની સામે વિરોધ નોંધાવવામાં આવે એ પણ માની શકાય પણ વિરોધ હિંસાનું સ્વરૂપ અજમાવે, તોડફોડ સુધી વાત પહોંચે ત્યારે પ્રશ્ન થાય છે. જેમ લોકશાહીમાં કાર્ટુન દોરવાનો અધિકાર છે એમ એ કાર્ટુનથી કોઈની લાગણી દુભાતી હોય તો એની સામે વિરોધ કરવાનો પણ અધિકાર છે, એ વિરોધ લોકશાહીને શોભે એ રીતે થવો જોઈએ નહીં કે તોડફોડ દ્વારા.

શિક્ષણનું ક્ષેત્ર (મેં આગળ પણ કહ્યું છે કે સૌથી વધુ સર્જનાત્મક ઉન્મેશ દાખવતું ક્ષેત્ર છે) સતત અવનવા પ્રયોગોને આવકારતું ક્ષેત્ર છે અને એ જો એવું નહોય તો એને એવું બનાવવું જોઈએ. એ પ્રયોગો કરતી વખતે સંભવ છે કે ક્યાંક ચૂક થઈ પણ જાય તો એનો અર્થ એ નથી કે એની સામે તોડફોડ કરીને વાતાવરણ એવું ઊભું કરવામાં આવે કે પછી પ્રયોગ કરનાર ખો ભૂલી જાય અને પ્રયોગ કરવાનું બંધ કરી દે. વાતાવરણ તો એવું હોવું જોઈએ કે એને સતત નવાનવા પ્રયોગો કરવાનો ઉત્સાહ જાગે.

બારમા ધોરણની પરીક્ષા પછી કૉલેજમાં દાખલ થનારને એક મુક્ત વાતાવરણ મળતું હોય છે, મળવું જોઈએ. વિદ્યાર્થીએ પણ એ મુક્ત વાતાવરણનો ઉપયોગ પોતાની સર્જનાત્મકતા ખીલવવા માટે કરવો જોઈએ. (સર્જનાત્મકતાને અહીં કાર્ટુન બનાવવા જેવી વાત સુધી સીમિત રાખવાની જરૂર નથી) પરંતુ આપણે જાણીએ છીએ કે આવું થતું નથી. મુક્ત વાતાવરણનો જુદો જ અર્થ વિદ્યાર્થી પક્ષે રહેલો હોય છે અને એનો ઉપયોગ તો દૂર મોટે ભાગે તો દુરુપયોગ જ થતો હોય છે. એટલે કૉલેજ કૅમ્પસને સાર્થક રીતે લેવામાં નહીં આવે ત્યાં સુધી સર્જનાત્મક ઉન્મેષની ખોટ સાલ્યા કરવાની છે અને ત્યાં સુધી તોડફોડના કિસ્સાઓનો અંત નહીં આવે એ વાત નિશ્ચિત છે.

# ગાયત્રી મંત્ર દ્વારા જેટલી સાધના, ઉપાસના, આરાધના થઈ છે તેટલી વિશ્વમાં બીજા કોઈ મંત્રની થઈ નથી



આપણે ત્યાં નદીઓમાં ગંગા નદી શ્રેષ્ઠ છે, પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે, વૃક્ષોમાં પીપળો, પક્ષીઓમાં મોર, પ્રાણીઓમાં સિંહ, ઋતુઓમાં વસંત, ભગવાનમાં ભોળાનાથ, સુવાસમાં સુખડ જે રીતે શ્રેષ્ઠ છે એ જ રીતે મંત્રોમાં ગાયત્રી મંત્ર સર્વશ્રેષ્ઠ છે. અથર્વવેદમાં વેદવ્યાજીએ કહ્યું છે, 'યથા મધુ ચ પુષ્પેભ્યો ધૃત દુગ્ધાદ્રસારયઃ એવં હિ સર્વવેદાનાં ગાયત્રી સારમુચ્યતે.'

અર્થાત પુષ્પોનો સાર મધ છે, દૂધનો સાર ઘી છે એમ બધા વેદોનો સાર ગાયત્રી મંત્ર છે. ગાયત્રી મંત્ર નીચે મુજબ છે :

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત

હે સર્વવ્યાપક પરમાત્મા ! અમે તમારું ધ્યાન દોરીએ છીએ, તેમાં તમે અમારી બુદ્ધિને પ્રેરો.

આ ગાયત્રી મંત્રમાં કુલ ચોવીસ અક્ષરો છે, ૐ એક પ્રણવ છે, ત્રણ ચરણ છે. ભૂઃ ભુવઃ સ્વઃ ત્રણ વ્યાહૃતિ છે. વ્યાહૃતિ એટલે ચારેય તરફથી આહરણ કરી લાવવું. જેમ કોઈ ભારે લોહચુંબક ચારેય તરફથી લોખંડનું આહરણ કરી પોતાનતી સાથે જ ચીપકાવી દે છે તેમ વ્હાહૃતિ ચારે તરફથી બ્રહ્મતત્ત્વનો સાધકના મનમાં સ્થિરતા બક્ષે છે. આ મંત્રમાં ચારેય વેદો છે, શિક્ષા, કલ્પ, નિરૂકત, વ્યાકરણ અને જ્યોતિષ એવાં પાંચ મુખો છે, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વસ્તિ છ સ્વર છે, આ મંત્રના ઋષિ ગાધિપુત્ર બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર છે, દેવતા ગાયત્રી છે અને શ્રીમદ ભગવદ્ગીતા અધ્યાય-૧૦, વિભૂતિ યોગ, શ્લોક-૩૫માં ભગવાન શ્રીકૃષ્ણના કહ્યા મુજબ : ગાયત્રી છંદસામહમ્ અર્થાત છંદોમાં ગાયત્રી છંદ હું છું.

આ ચોવીસ અક્ષરના મંત્રના ઉચ્ચારણની સાથે જ કમળદળની પાંખડીઓની જેમ શરીરમાં ચોવીસ ગ્રંથિઓનો ક્ષોભ થાય છે. અહીં ક્ષોભનો અર્થ સળવળાટ - જાગૃતિ એવો થાય છે. જેમ વિમાનમાંથી કૂદી પડતાં પેરાશૂટ પવનના સંપર્કથી આપોઆપ ખુલી જાય છે તેમ. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી જ્યોતિ નીકળે છે. તેની શક્તિનો સંચાર મૂળાધારથી પ્રગટ થઈ બ્રહ્મરંધ્ર સુધી પહોંચે છે. આ મંત્ર બાહ્ય સ્વરૂપે સામાન્ય ભલે લાગે પણ તેમાં ત્રણ દિવ્ય અસ્ત્રો છૂપાયેલાં છે : ૧. બ્રહ્મદંડ, ૨. બ્રહ્મ શિરસ અને ૩. બ્રહ્માસ્ત્ર. આ ત્રિગુણાત્મક શક્તિ બ્રહ્મ સાક્ષાત્કાર કરાવે છે અને નરસિંહ મહેતાના શબ્દોમાં 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'ની જેમ જીવ બ્રહ્મમાં એકાકાર થઈ જાય છે.

મૂળ ગાયત્રી મંત્ર ઋગ્વેદના ત્રીજા મંડળના બારમા સૂક્તનો દસમો મંત્ર છે. યજુર્વેદમાં આ મંત્ર કુલ ચાર વખત આવે છે જેમાં છત્રીસમા અધ્યાયમાં તેની ખાસ સમજૂતી છે. સામવેદમાં ૧૪૬૨મો મંત્ર ગાયત્રી મંત્ર છે અને અથર્વવેદમાં સોળમા સૂક્તના ૭૧મા મંત્રમાં આ મંત્રનો ખાસ ઉલ્લેખ છે. આમ ગાયત્રી મંત્ર બધા ચારેચાર વિદોમાં છે. ફક્ત માત્ર એક ગાયત્રી મંત્ર જ એવો છે જે ચારેય વેદમાં છે - આ સિવાય બીજો કોઈ મંત્ર ચારેય વેદોમાં આવતો નથી એ અર્થમાં ગાયત્રી વેદમંત્ર છે.

ઉપનિષદોની વાત કરીએ તો બૃહદારણ્યક, નારાયણી, જૈમિનીય, શ્વેતાશ્વરમાં પણ આ મંત્ર છે. ગુહ્યસૂત્ર, કૌશીતકી સૂત્ર, શ્રૌતસૂત્રમાં ગાયત્રી મંત્ર અનુક્રમે ત્રણ, એક, બે વાર આવે છે. વેદ, ઉપનિષદ, રામાયણ અને મહાભારતમાં પણ ગાયત્રી મંત્રનો ઉલ્લેખ છે, તે જોતાં ગાયત્રી મંત્રનું હિન્દુ ધર્મશાસ્ત્રમાં સર્વોપરિ સ્થાનત છે. ગાયત્રી હકીકતે વેદમાતા કહેવાય છે. આ મંત્ર દ્વારા જેટલી સાધના, ઉપાસના, આરાધના થઈ છે તેટલી વિશ્વમાં બીજા કોઈ મંત્રની થઈ નથી.

કૂર્મ પુરાણમાં ગાયત્રી મંત્રનું માહાત્મ્ય છે એ મુજબ આ મંત્ર જીવ અને જગદીશ, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને બ્રૂહમાની એકતા કરાવે છે. વેદોના મંત્રદષ્ટા ઋષિઓએ પણ આ મંત્રથી બ્રહ્મતેજ પ્રાપ્ત કર્યું છે. ગાયત્રી મંત્રના આધાર ઉપર ચાર વેદોનું નિર્માણ થયું છે. ૐ એ પ્રણવ છે, ગાયત્રી મંત્રનું એન્જિન છે. અવ્ ધાતુ ઉપરથી પ્રણવ બન્યો. અવ્ ધાતુનો અર્થ રક્ષા, પ્રકાશ, પાલન, અહિંસા, વૃદ્ધિ થાય છે. ચૌદ ભુવનની રક્ષાના કારણે ૐકાર સાર્થક બને છે.

પવિત્ર ગંગા નદીની જેમ ગાયત્રી ત્રિપદા છે. જગતનાં મૂળભૂત ત્રણ દુખ છે. અજ્ઞાન, અભાવ અને અશક્તિ, ગાયત્રીમાં હ્રીં એટલે સરસ્વતી અજ્ઞાન દૂર કરે છે, શ્રી એટલે લક્ષ્મીથી તમામ અભાવ દૂર થાય છે અને ક્લીં એટલે કાલિથી અપાર શક્તિ પ્રાપ્ત થાય છે. ત્રણ દુખનું નિવારણ એટલે ગાયત્રી મંત્ર. બીજા અર્થમાં આધિ, વ્યાધિ અને ઉપાધિનું શમન થાય છે. દૈહિક, દૈવિક, ભૌતિક તાપમાં ગાયત્રી મંત્ર શીતળતા પ્રદાન કરે છે.

ગાયત્રી ઘણાના મતે સ્વતંત્ર દેવી-દેવતા નથી, આ મંત્રમાં સવિતુ શબ્દ છે. સવિતા શબ્દનો અર્થ સૂર્ય, સર્જનહાર, પ્રભુ, પ્રકાશ, તેજ થાય છે. એ અર્થમાં એ સૂર્યની ઉપાસનાનો મંત્ર કહેવાય છે. સૂર્યથી જ આ જગત વિદ્યમાન છે અને આ જગત એ પ્રભુનું સર્જન છે માટે જ્ઞાનરૂપી પ્રકાશ પામી આપણા જીવનને તેજોમય બનાવી ઉજાગર થવાની મુખ્ય વાત છે. જેની જેવી શ્રદ્ધા.

ગાયત્રી શબ્દનો એક અર્થ 'ગયાન્' એટલે પ્રાણનો અને 'ગાયતે' એટલે રક્ષણ કરે છે તે ઉપરથી પ્રાણનું રક્ષણ કરનાર તે ગાયત્રી કહેવાય છે. ગૈ અને ત્રા એ બે ધાતુનો શબ્દ ગાયત્રી બન્યો છે. ગાયત્રી મંત્રના જે ૨૪ અક્ષરો છે તેના ૨૪ દેવતા છે, ૨૪ ફળ મળે છે, ૨૪ શક્તિ પ્રદાન કરે છે.

ગાયત્રી મંત્રનો સરળ અર્થ : હે પરમાત્મા પ્રાણસ્વરૂપ દુખનાશક સુખસ્વરૂપ તે તેજસ્વી શ્રેષ્ઠ પાપનાશક દિવ્યને ધારણ કરીએ છીએ. અમારી બુદ્ધિ તેમાં પ્રેરો.

**સંકલન : પી એમ પરમાર 'દર્શન'**